**Surat Municipal Corporation**
**e-Magazine**

Issue 7
June 24, 2005

## મહાનગરપાલિકાનું ગૌરવ વધારતાં વોચ એન્ડ વોર્ડ વિભાગનો સ્ટાફ



"સાંનિધ્ય હિમાલયન ટ્રેકીંગ કેમ્પ –૨૦૦૫" અંતર્ગત તા.૨૫/૫/૦૫ થી તા.૦૫/૬/૦૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકાનાં વોચ એન્ડ વોર્ડ વિભાગનાં સીકયુરીટી સ્ટાફ હિમાચલ પ્રદેશમાં ૪૬૪૩ મીટરની ઉંચાઈએ આવેલ "તલાંગ પાસ" વિસ્તારમાં આવેલ ટ્રેકીંગ કેમ્પમાં સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર જોડાયેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન વિસ્તારમાં યુ.સી.ડી. સેન્ટરનું ખાતમુહુર્ત

સુરત મહાનગરપાલિકા ધ્વારા "શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫"ની ઉજવણીના ભાગરૂપે વરાછા ઝોન વિસ્તારમાં રાજમહેલ ટોકીઝની પાછળ, યુ.સી.ડી. સેન્ટરનું ખાતમુહુર્ત તા.૨૧–૦૬–૨૦૦૫નાં રોજ મેયર શ્રીમતિ સ્નેહલતાબેન એફ. ચૌહાણ ધ્વારા કરવામાં આવ્યું હતું....



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતનો પ્રથમ સી.સી.રોડ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાયો

શહેરને રાષ્ટ્રીય ઘોરી માર્ગ તથા મગદલ્લા એરપોર્ટ સાથે જોડતા ચાર રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના નિર્માણ કરવાના હાથ ધરેલા પ્રોજેકટો પૈકીનો એક રૂંઢ જકાતનાકાથી પીપલોદ કારગીલ ચોક સુધીનો એક કિ.મી.નો રસ્તો સુરત મહાનગરપાલિકાએ ખુલ્લો મુકેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં પ્રવેશોત્સવની થયેલી ઉજવણી



પ્રાથમિક શિક્ષણને ગતિશિલ અને પ્રગતિશીલ બનાવવા માટે ગુણવત્તા સુધારણા ૧૦૦ ટકા નામાંકન અને ૧૦૦ ટકા સ્થાયીકરણ માટે શાળા પ્રવેશોત્વ કાર્યક્રમથી શિક્ષણની કાયાપલટ થઈ છે. ૧૯૯૮–૯૯ થી સમગ્ર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ અમલમાં મુકાયો છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## મહાનગરપાલિકાનું ગૌરવ વધારતાં વોચ એન્ડ વોર્ડ વિભાગનો સ્ટાફ

''સાંનિધ્ય હિમાલયન ટ્રેકીંગ કેમ્પ –૨૦૦૫'' અંતર્ગત તા.૨૫/૫/૦૫ થી તા.૦૫/૬/૦૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકાનાં વોચ એન્ડ વોર્ડ વિભાગનાં સીકયુરીટી જમાદારશ્રી ભૂરસિંગ મૂંડવાડા, સીકયુરીટી ગાર્ડ શ્રી કિરણ રેતીવાલા, રીયાઝ શેખ તથા વોચમેનશ્રી જીતેન્દ્ર એમ.પટેલ હિમાચલ પ્રદેશમાં ૪૬૪૩ મીટરની ઉંચાઈએ આવેલ ''તલાંગ પાસ'' વિસ્તારમાં આવેલ ટ્રેકીંગ કેમ્પમાં સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર જોડાયેલ. સદર ટ્રેકીંગ કેમ્પમાં તોલાંગ નલ્હા–કેમ્પ – બેની ફોરેસ્ટ કેમ્પ તથા ગીર કેમ્પમાં રીવર ક્રોસીંગ તથા રોક કલાઈમ્બીંગ વિગેરે પ્રવૃતિમાં અવ્વલ નંબર મેળવી સુરત મહાનગરપાલિકાનું ગૌરવ વધાર્યુ છે.



TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન વિસ્તારમાં યુ.સી.ડી. સેન્ટરનું ખાતમુહુર્ત

સુરત મહાનગરપાલિકા ધ્વારા "શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫"ની ઉજવણીના ભાગરૂપે વરાછા ઝોન વિસ્તારમાં રાજમહેલ ટોકીઝની પાછળ, યુ.સી.ડી. સેન્ટરનું ખાતમુહુર્ત તા.૨૧–૦૬–૨૦૦૫નાં રોજ મેયર શ્રીમતિ સ્નેહલતાબેન એફ. ચૌહાણ ધ્વારા કરવામાં આવ્યું હતું.



સદરહુ યુ. સી. ડી. સેન્ટર ૧૬૧.૫૫ ચો. મી. એરીયામાં કુલ રૂા. ૯.૧૯ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. સદરહુ યુ. સી. ડી.સેન્ટર માં ભોંયતળીયે મુખ્ય હોલ, ઓફિસ, સ્ટોર રૂમની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ યુ.સી.ડી. સેન્ટરનું બાંધકામ ૩ માસમાં પુરૂ કરવામાં આવશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતનો પ્રથમ સી.સી.રોડ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાયો

શહેરને રાષ્ટ્રીય ઘોરી માર્ગ તથા મગદલ્લા એરપોર્ટ સાથે જોડતા ચાર રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના નિર્માણ કરવાના હાથ ધરેલા પ્રોજેકટો પૈકીનો એક રૂંઢ જકાતનાકાથી પીપલોદ કારગીલ ચોક સુધીનો એક કિ.મી.નો રસ્તો સુરત મહાનગરપાલિકાએ ખુલ્લો મુકેલ છે.

રૂંઢ જકાતનાકાથી ઉમરા જૂના જકાતનાકા વચ્ચે સિમેન્ટ કોંક્રીટ રસ્તા નિર્માણની શરુઆત પાલિકાએ કરી હતી. રૂંઢ જકાતનાકાથી કારગીલ ચોકનો એક તરફના નવા સી.સી. રોડની સુવિધા શહેરીજનોને પ્રાપ્ત થઈ છે. ત્રણેક દિવસમાં પીપલોદના કારગીલ ચોકથી સરગમ કોમ્પ્લેક્ષ વચ્ચેનો નવો સિમેન્ટ કોંક્રીટ રસ્તો પૂર્ણતાને આરે હોવાથી શહેરીજનોના વાહનો હવે સડસડાટ ગતિએ દોડશે. પાલિકાએ સુરત–નવસારી, સુરત–બારડોલી, સુરત–કામરેજ તથા સુરત–ડુમસ રોડને જોડતા ડામરના રસ્તાઓ દૂર કરી તેના સ્થાને મુંબઈ જેવા સિમેન્ટ કોંક્રીટ રસ્તાના પ્રોજેકટોના નિર્માણની કાર્યવાહી ૬ મહિના પહેલાં મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે ખાતમુહૂર્ત કરી શરૂઆત કરવામાં આવી હતી. શહેરનો આ પ્રથમ સી.સી. રોડ તા.૧૭–૬–૨૦૦૫ના રોજ કમિશનર શ્રી પંકજ જોષીએ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકયો હતો.

TOP

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં પ્રવેશોત્સવની થયેલી ઉજવણી

મનુષ્યના જીવનમાં બાળપણમાં મેળવેલ શિક્ષણ અને સંસ્કારોનું સવિશેષ મહત્વ રહયું છે. આધુનિક વિજ્ઞાન સંશોધનમાં પણ સિદ્ધ કરેલ છે કે બાળક તેની ઉમરના શરૂઆતના વર્ષોમાં જે શિક્ષણ મેળવે છે તેની અસર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન રહે છે.



પ્રાથમિક શિક્ષણને ગતિશિલ અને પ્રગતિશીલ બનાવવા માટે ગુણવત્તા સુધારણા ૧૦૦ ટકા નામાંકન અને ૧૦૦ ટકા સ્થાયીકરણ માટે શાળા પ્રવેશોત્વ કાર્યક્રમથી શિક્ષણની કાયાપલટ થઈ છે. ૧૯૯૮–૯૯ થી સમગ્ર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ અમલમાં મુકાયો છે જેના ભાગરૂપે તા.૧૬,૧૭, ૧૮ જૂન–૨૦૦૫ ના ત્રણ દિવસ સમગ્ર ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી, શિક્ષણ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સહિત તમામ મંત્રીઓ, સચિવો, સરકારી અધિકારીઓ તથા શિક્ષણ વિભાગ, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડના અધિકારી સહિત ધારાસભ્યો વગેરે ગુજરાતના ગામડે ગામડે પ્રવાસ કરી આ કાર્યક્રમને વેગવંતો બનાવવા કટિબદ્ધ બન્યા છે.

TOP